# જમ્મુ કાશ્મીરમાં વિનાશકારી પુર

શ્રીનગર,તા. ૫

જમ્મુ કાશ્મીરમાં સતત થઈ રહેલા ભારે વરસાદના કારણે પુરની સ્થિતી સર્જાઇ ગઈ છે. જેના કારણે હજુ સુધી ૭૦ લોકોના મોત થઈ ગયા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. સેનાને પણ મદદ માટે બોલાવી લેવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાં છેલ્લા છ દશકમાં સૌથી વિનાશકારી પૂર તરીકે આને જોવામાં આવે છે. આના કારણે સંપત્તિને પણ ભારે નુકસાન થયું છે. સેનાની અનેક ટુકડીઓ અસરગ્રસ્ત વિસ્તારમાં રોકી દેવામાં આવી છે. તમામ રસ્તાઓ બંધ કરાયા છે. સંપત્તિને ભારે નુકસાન થયું છે. દરમિયાન રાજ્યમાં ઉભી થયેલી





પુરની સ્થિતી અંગે કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહે આજે જમ્મુ કાશ્મીરના મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લા સાથે ફોન પર વાત કરી હતી. રાજનાથસિંહે પુરની સ્થિતી અને રાજૌરીમાં થયેલી બસ દુર્ઘટના અંગે માહિતી મેળવી હતી. રાજ્યમાં તમામ નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. જનજીવન સંપૂર્ણપમે ખોરવાઈ ગયુંછ. રાજનાથસિંહે વિકટ સ્થિતીને ધ્યાનમાં લઈને તેમની આજની સુચિત યાત્રા રદ કરી દીધી છે.રાજ્યમાં પુરથી ૨૫ લોકોના મોત થયા છે જ્યારે બસ નદીમાં તણાઇ જવાના કારણે મોટી સંખ્યામાં લોકો ડુબી ગયા હતા. છેલ્લા બે દશકની સૌથી વિનાશકારી પુરની સ્થિતી સર્જાઇ હોવાનો રાજ્યના અધિકારીઓ દાવો કરી રહ્યા છે. ઝેલમ નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી પણ ચાર ફુટ ઉપર પહોંચી જતા ગઈકાલે જ શ્રીનગર શહેરમાં પુર એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. દક્ષિણ કાશ્મીરના અનંતનાજ જિલ્લા અને કુલગામ ખાતે પુરના લીધે ૨ ૩ ગામો પુરના સકંજામાં આવી ગયા છે. છેલ્લા ચાર દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે. જેથી દક્ષિણ કાશ્મીરના અનંતનાજ અને કુલગામ જિલ્લામાં સૌથી વધારે કફોડી હાલત થઈ છે. શ્રીનગર શહેરમાં પણ પુર એલર્ટની જાહેરાત કરવામાં આવી છે.

## કેરળના રાજ્યપાલ તરીકે સથાશિવમે લીધેલા શપથ

નવી દિલ્હી,તા. ૫

ભારતના ભૂતપૂર્વ ચીફ જસ્ટીસ પી સથાશિવમે કેરળના રાજ્યપાલ તરીકે આજે શપથ લીધા હતા. ૬૫ વર્ષીય સથાશિવમની નિમણૂંકને લઈને



કાયદાકીય અને રાજકીય વર્તુળોમાં જોરદાર ચર્ચા છેડાઈ ગઈ છે. રાજ્યના ૨૩માં રાજ્યપાલ તરીકે સથાશિવમે આજે શપથ લીધા હતા. રાજભવન ખાતે આયોજિત એક કાર્યક્રમમાં કેરળ હાઈકોર્ટના જસ્ટીસ અશોક ભૂષણે તેમને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. ભારતના સથાશિવમ એવા પ્રથમ ચીફ જસ્ટીસ છે જે રાજ્યપાલ તરીકેની જવાબદારી સંભાળવા જઈ રહ્યા છે. તેઓ રાજકારણ સાથે જોડાયેલા નથી. મુખ્યમંત્રી ઓમાન ચંડી, તેમના કેબિનેટના સાથીઓ અને અન્ય તમામ લોકો શપથવીધિમાં ઉપસ્થિત રહ્યા હતા. એલડીએફના નેતા હાજર રહ્યા નહતા.

## શિક્ષક દિવસે મોદીની વિદ્યાર્થીઓ સાથે વિવિધ મુદ્દાઓ પર વાતચીત

નવીદિલ્હી,તા. ૫

શિક્ષક દિવસના પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દેશના ભાવિ એવા બાળકો સાથે વિવિધ મુદ્દાઓ ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, સ્વપ્ન કંઈ બનવાના નહીં બલ્કે કરવાના જોવા જોઈએ. તેમણે એમ પણ કહ્યું હતું કે, બાળકોએ તેમના ભાવિ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને આગળ વધવું જોઈએ. મોદીએ એવો સંકેત પમ આપ્યો હતો કે આગામી ૧૦ વર્ષ સુધી તેઓ વડાપ્રધાન તરીકે રહેશે. શિક્ષક દિવસના પ્રસંગે મોદીએ બાળકોના જુદા જુદા પ્રશ્નોના સ્પષ્ટપણે જવાબો આપ્યા હતા. મણિપુરના એક વિદ્યાર્થી દ્વારા વડાપ્રધાન કઈ રીતે બની શકાય છે તેવો પ્રશ્ન કર્યો હતો જેના જવાબમાં મોદીએ કહ્યું હતું કે, ૨૦૨૪ની તૈયારી કરી દેવામાં આવે ત્યાં સુધી તેમને કોઈ





ખતરો નથી. દેશના કોઈપણ નાગરિક વડાપ્રધાન બની શકે છે. બંધારણ આ અધિકાર આપે છે. માત્ર વડાપ્રધાન બનવા માટે દેશના લોકોના મન જીતવાની જરૂર હોય છે અને તેમના સમર્થનની જરૂર હોય છે. અન્ય એક વિદ્યાર્થીના પ્રશ્નના જવાબમાં મોદીએ કહ્યું હતું કે, શિક્ષક માટે દરેક બાળક એક સમાન હોય છે. શિક્ષક માતા સમાન હોય છે જે દરેકને એક સમાન તરીકે ગણે છે. તમામને એક સમાન ગણીને તેમની સાથે વર્તન કરે છે. નબળા અને હોંશિયાર વિદ્યાર્થી સાથે એક સમાન વર્તન કરવામાં આવે છે. અન્ય એક પ્રશ્નના જવાબમાં મોદીએ કહ્યું હતં કે, તેઓ પણ બાળપણમાં ખુબ તોફાની હતા અને મિત્રો સાથે મળીને ખુબ ધમાલ મચાવતા હતા. એક બાજુ કોંગ્રેસમાં નેતૃત્વને લઈને ખેંચતાણ ચાલી રહી છે ત્યારે બીજી બાજુ નરેન્દ્ર મોદીએ દિલ્હી ઉપર તેમનો દાવો કરી દીધો હતો. એક બાજુ કોંગ્રેસમાં ખેંચતાણ છે ત્યારે બીજી બાજુ મોદીએ વિવિધ મુદ્દાઓ ઉપર રજૂઆત કરીને કોંગ્રેસની ચિંતાને વધારી દીધી છે. વડાપ્રધાને શિક્ષક દિવસના પ્રસંગે જુદા જુદા સ્કૂલોના શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. દિલ્હીમાં બેઠેલા વડાપ્રધાનને ઓનલાઈન વાતચીત કરી હતી. મોદીએ એમ પણ કહ્યું હતું કે, આગામી ૧૦ વર્ષ સુધી તેઓ વડાપ્રધાન તરીકે રહેવા ઈચ્છુક છે. મોદીના આ નિવેદનથી તેમનો આત્મવિશ્વાસ દેખાય છે. ૨૦૧૯માં આગામી લોકસભાની ચૂંટણીમાં ફરી એકવાર ભાજપની સરકાર બનશે તે બાબત દેખાઈ રહી છે. કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીને લઈને કોંગ્રેસ પાર્ટીમાં બળવો દેખાઈ રહ્યો છે ત્યારે મોદીના આ નિવેદનથી આને વેગ મળે તેવી શક્યતા છે. મોદીના આ નિવેદનમાં એવો સંકેત છે કે, આવનાર પાંચ વર્ષમાં પણ રાહુલ ગાંધીને કોઈ પણ વ્યક્તિ પસંદ કરનાર નથી. મોદીએ કહ્યું હતું કે, સ્કૂલોમાં ડ્રોપઆઉટને રોકવા માટે બાળકીઓ માટે અલગ ટોયલેટ ખુબ જ જરૂરી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, બાળકીઓના શિક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને વિકાસમાં તેમને ભાગીદાર બનાવી શકાય છે. મોદીએ પોતે ટાસ્ક માસ્ટર હોવાની વાત કરી હતી અને તેઓ હેડમાસ્ટર નહીં બલ્કે ટાસ્ક માસ્ટર તરીકે છે. બીજા પાસેથી ખુબ સારી કામગીરી તેઓ કરાવી રહ્યા છે.

## અડધી સજા ભોગવી ચુકેલા અન્ડરટ્રાયલને મુક્ત કરાશે

નવી દિલ્હી,તા. ૧

સુપ્રીમ કોર્ટે તેમના ગુના માટે સંભવિત મહત્તમ સજા પૈકી અડધી સજા ભોગવી ચુકેલા અન્ડરટ્રાયલની મુક્તિ માટે પહેલી ડિસેમ્બરની સમયમર્યાદા આજે નક્કી રી હતી. આનો મતલબ એ થયો કે, સુપ્રીમ કોર્ટના આ આદેશથી હજારો કેદીઓને ફાયદો થશે. કોર્ટમાં તેમની ટ્રાયલની રાહ જોઈ રહેલા કેદીઓને ખુબ મોટી રાહત થશે. સુપ્રીમ કોર્ટે તમામ નીચલી કોર્ટના જજને જેલની અંદર પહેલી ઓક્ટોબરથી એક સપ્તાહ એક વખત કોર્ટ યોજવા આદેશ કર્યો છે. આનાથી આવા અન્ડરટ્રાયલ કેદીઓની મુક્તિ માટેના આદેશ જારી કરી શકાશે. સુપ્રીમ કોર્ટે આ સંદર્ભમાં નેતૃત્વ કરવા કેન્દ્ર સરકારને સૂચના આપી છે. કોર્ટે પ્રતિક્રિયામાં કહ્યું છે કે, દેશમાં ૩૦ મિલિયનથી વધુ કેસો હાથ ધરવા માટે માત્ર ૧૬૦૦૦ જજ છે જે કેસ અને જજ રેસિયોના નિરાશાજનક ચિત્રને રજૂ કરે છે.

સુપ્રીમના ચુકાદાથી એવા કેદીઓને ફાયદો થશે નહીં જે આજીવન કારાવાસની સજા ભોગવી રહ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ એવો અંદાજ છે કે દેશભરમાં ૩.૮૧ લાખ કેદીઓ છે જે પૈકી આશરે ૨.૫૪ લાખ અથવા તો બે તૃતિયાશ કાચા કામના કેદીઓ છે. જ્યુડિસિયલ સુધારાની દિશામાં સરકાર આગળ વધી રહી છે. આ ઉપરાંત કેસોના ઝડપી નિકાલ પર પણ મોદી સરકાર ધ્યાન આપી રહી છે. જ્યુડિસિયલ સુધારાની દિશામાં સરકાર ઝડપથી આગળ વધી રહી છે. સીઆરપીસીની કલમ ૪૩૬ એમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે જો કોઈ અંડરટ્રાયલ ગુના માટે મહત્તમ સજાની જોગવાઈ પૈકીની અડધી સજા ભોગવી ચુક્યો છે તો તેને પર્સનલ બોન્ડના આધાર પર મુક્ત કરી શકાય છે. જો કે આ કલમ મૃત્યુદંડ અથવા તો આજીવન કારાવાસની સજા ભોગવી રહેલા લોકો માટે લાગુ પડશે નહી.

## ભાવ વધારાને ડામવા મોદી સરકાર મક્કમ

નવી દિલ્હી,તા. ૫

ભાવ વધારાને લઈને સામાન્ય લોકો ભારે પરેશાન થયેલા છે. ત્યારે મોદી સરકાર ભાવ વધારાને કાબુમાં લેવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. સંગ્રહખોરો અને કાળા બજારીયાઓ સામે હાલમાં પગલા લેવામાં આવી રહ્યા છે. છેલ્લા ૨ મહિનામાં ડુંગળીની કિંમતમાં તીવ્ર વધારો થયો હતો. સરકારી અધિકારીઓનું કહેવું છે કે, શાકભાજીના ભાવમાં વધારો સિઝનલ વધારો છે. ડુંગળી, બટાકા, ટામેટાના ભાવ આ સિઝનમાં દર વર્ષે વધે છે. દર વર્ષે જુલાઈ અને નવેમ્બર વચ્ચેના ગાળામાં કિંમતોમાં વધારો થાય છે. ટામેટાની કિંમત સૌથી વધુ વધી છે. જોકે, મોદી સરકાર સત્તામાં આવ્યા બાદથી કિંમતો વધી હોવાની ચર્ચા દરેક લોકો કરી રહ્યા છે. મોદી સરકાર આવ્યા બાદ શાકભાજીના ભાવ આસમાને હોવાનો દાવો કોંગ્રેસ દ્વારા પણ કરવામાં આવી રહ્યો છે. સંગ્રહખોરો અને કાળાબજારીયાઓ સામે હાલમાં વિશેષ પગલા લેવાઈ રહ્યા છે. દિલ્હી, મુંબઈ, કોલકત્તા, અમદાવાદ સહિતના મોટા શહેરોમાં શાકભાજીના ભાવમાં વધારો નોંધાયો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીએ પણ ગઈકાલે મોદી સરકાર પર ભાવ વધારાને લઈને આકરા પ્રહારો કર્યા હતા.

## સમાચાર ઝલક

- કૌભાંડો અને ભ્રષ્ટાચાર દુનિયાના અર્થતંત્રોને પરેશાન કરી રહ્યા છે.
- સૌથી ધનાઢય ભારતીયોમાં શાહરૂખનો સમાવેશ થયો.
- સહકારી બેંકો નબળી પડે તો થાપણદારો માટે વિવાદાસ્પદ કાયદો.
- ભારત-ચીન સરહદે સૈન્યનું ઘર્ષણ-ભારતે પેટ્રોલીંગ વધાર્યું.
- દિલ્હીના શો રૂમમાંથી રોલેક્સ બ્રાન્ડની ૯ કરોડની ઘડિયાળની ચોરી થઈ. ચોરોએ માત્ર ઘડિયાળોની ચોરી કરી જવેલરીને સ્પર્શ ન કર્યો.
- પ્રાણી પર પરીક્ષણ થતા હોય તેવા સૌંદર્ય પ્રસાધનોની આયાત પર પ્રતિબંધીત.
- સાઉદીમાં પૈગમ્બર સાહેબના સ્થળને ફેરવવાથી વિશ્વ વ્યાપી આંદોલન ફાટી નીકળવાની ચીમકી.
- રૂ. ૮૮ લાખની લાંચ મામલામાં ડેપ્યુટી કલેક્ટર શ્રી ઘનશ્યામ સિંહ ચાવડાની ધરપકડ તથા રીમાન્ડ.
- નલિયામાં આચાર્ય એ ધોરણ-૭ની ૪ બાળાઓની છેડતી કરી.
- ફિલ્મ અભિનેતા વિવેક ઓબેરોય આઠ કલાકમાં એક લાખ બોટલ લોહી એકત્ર કરી વર્લ્ડ રેકોર્ડ બનાવશે.
- સૌરાષ્ટ્રમાં નવો રાજકીય પક્ષ રચવાના એંધાણ તા. ૨૧મીએ જાહેર થશે.
- નિઠારી કાંડના સુરેન્દ્ર કોલીને મેરઠની જેલમાં ફાંસી અપાશે.
- સરકારી નોકરી તેમજ પાસપોર્ટ મેળવવા માટે પોલીસ તપાસમાંથી મુક્તિ મળશે.
- સુરતમાં 'ડાયમંડબુર્શ' નબશે. ૨૫૦૦૦ કરોડનું રોકાણ.

## કોંગ્રેસમા મોટા પાયે ફેરફાર કરવાની દિગ્વિજયની માંગ

નવી દિલ્હી,તા. ૫

કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી પર પોતાની ટિપ્પણીને લઈને નારાજગીનો સામનો કરી રહેલા કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજયસિંહ હવે કોંગ્રેસમાં મોટા પાયે ફેરફારની તરફેણ કરી રહ્યા છે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતીના યુવા બ્રિગેડના પ્રહારોના સામનો કરી રહેલા દિગ્વિજયસિંહે સંકેત આપ્યો છે કે તેઓ પાર્ટીમાં રહેલા યુવા નેતાઓને યોગ્ય રસ્તો બતાવવા માટે તૈયાર છે. લોકસભાની ચૂંટણી બાદ કોંગ્રેસની હાલત કફોડી બનેલી



છે. હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસની તેની હજુ સુધીની સૌથી ખરાબ હાર થઈ હતી. તેને ૫૦ બેઠકો પણ મળી ન હતી. જ્યારે ભાજપે ઈતિહાસ સર્જીને બહુમતિ બેઠકો જીતી લીધી હતી. તેમણે કહ્યું છે કે એઆઈસીસીમાં પોતાના સચિવોની સાથે કામ કરવામાં તેઓ તૈયાર છે. સિંહની ટિપ્પણીતી સાબિત થાય છે કે પાર્ટીમાં યુવા લોકોને તેઓ તૈયાર કરવા માંગે છે. સિંહે ટ્વિટર પર કહ્યું છે કે કોંગ્રેસના યુવા નેતા પણ હવે ફેરફારની તરફેંણ કરી રહ્યા છે. એઆઈસીસીના મોટા ભાગના સભ્યો ૭૦ અથવા તો ૭૦ની નજીક પહોંચી ગયા છે. જેથી યુવા બ્રિગેડને વધારે તક આપવામાં આવે તેવી જરૂર છે.

પાર્ટીના લીડર મોતીલાલ વોરા ૮૫ વર્ષના છે. અંબિકા સોની ૭૧ વર્ષના છે. કોંગ્રેસ પાર્ટી તેની સ્થિતીને સુધારવા માટે તમામ પ્રયાસ કરી રહી છે. પરંતુ ભાજપની સ્થિતી મજબુત બનતા તેની સ્થિતી હાલમાં નબળી દેખાઈ રહી છે. હરિયાણા, મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી ટુંક સમયમાં યોજાનાર છે ત્યારે લોકસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ ખરાબ તબક્કામાંથી બહાર આવીને શાનદાર દેખાવ કરવાનો કોંગ્રેસ પાસે સમય રહેલો છે.

### લઘુ કથા (પાના નં. ૪ નું ચાલુ)

પણ યજ્ઞેશ તને કયાં તરતા આવડે છે તું શું કરી શકે? તું ગયો હોત તો...?

હું ગયો હોત તો - તેને બચાવી ન શકત - પણ તેની ડૂબી તો શકત ને - 'જીવવા નહિ તો મરવા' પ્રભુએ તક તો આપી - પણ મારી કાયરતા તથા નિર્માલ્યતા એ મને રોક્યો. સમાજમાં...

તારે સમાજનો ડર રાખવાની જરૂર નથી.

મને સમાજનો નહિ, મારા પ્રભુનો ડર લાગે છે. પ્રભુ મને પુછશે - મેં તને તક આપી હતી... બોલ તેં શું કર્યું? હવે હું મારા પ્રભુને... મારા આત્મવિશ્વાસને કેમ પાછો પ્રસ્થાપિત કરી શકીશ. આ આઘાત ઝીરવવો મારા માટે ભારે છે.

યજ્ઞેશની વાત સાચી છે. આપણી નજર સમક્ષ એવું એવું બને છે જયાં આપણે કંઈ નથી કરી શકતા. મનને મનમાં સમસમી જઈએ. સેવેલા સ્વપ્નોને કઠોર માનવીના પગલે કચડાતા જોઈએ. નઠારા રાજકારણીઓ તથા શોષકોના હાથે ચૂસતા નિર્દોષ જનોને જોઈએ. મસલ્સ તથા મની પાવરના જોરે ચુંથાતા યોવનને જોઈએ. કે વ્યથા ભરી કથા સાંભળીએ ત્યારે માત્ર આંસુ સારવા સિવાય આપણી પાસે શું હોય છે... અને એ આંસુ પણ એકાંતમાં જ સારવાનાં - સમાજના આ વિશાળ યંત્રમાં માનવ-માત્ર એક પૂર્જા જેવો બની ગયો છે. પૂર્જા તૂટે છે નવા સ્પેરપાર્ટ નખાઈ જાય છે ને સંસારચક્ર ફરતું રહે છે.

## ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન સાથે મોદીની વાતચીત



ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન ટોની એબોટે એક બિઝનેસ મિટીંગમાં જાહેરાત કરી છે કે તે ભારત સાથે પરમાણુ ઊર્જાના ઉત્પાદન માટેના ઈંધણ યુરેનિયમના વેચાણ માટે કરાર કરવાના છે. તેમણે આજે બપોર પછી ઉપરાષ્ટ્રપતિ હામિદ અન્સારી સાથે મુલાકાત કરી હતી. તેઓ ભારતની બે દિવસની મુલાકાતે આવી પહોંચ્યા છે અને આજે દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળશે. વડાપ્રધાન ટોનીએ આશા વ્યકત કરી છે કે ભારત સાથે ખનન, નાણા તેમજ શિક્ષણ ક્ષેત્રે ભારત સાથે ઓસ્ટ્રેલિયાના સંબંધો વધુ મજબૂત થશે. આ યાત્રા દરમિયાન સૌથી મોટો કરાર યુરેનિયમ વેચાણ અંગેનો છે. આ કરારને પગલે ભારતમાં વધી રહેલી વીજળીની માંગને પુરી કરવામાં મદદ મળી રહેશે.

## શરાબ પર રોક બાદ કેરળનો પ્રવાસ પ્રવાસી ટાળી રહ્યા છે

નવી દિલ્હી,તા. ૫

તાજેતરમા ંજ કરવામાં આવેલા રસપ્રદ સર્વેમાં જાણવા મળ્યું છે કે કેરળમાં શરાબના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ કેરળ જવાની યોજના બનાવી રહેલા લોકો તેમની યોજનામાં ફેરફાર કરી રહ્યા છે. સર્વેમાં જાણવા મળ્યું છે કે ૧૦ પ્રવાસી પૈકીના ૬ પ્રવાસી હવે કેરળમાં તેમની ટ્રીપને ટાળી રહ્યા છે. ૩૦ શહેરોને આવરી લઈને કરવામાં આવેલા નવા સર્વેમાં આ મુજબની બાબત સપાટી પર આવી છે. કેરળ સરકાર માટે પણ આ સર્વેના તારણો નિરાશ કરનાર છે. સર્વેમાં જાણવા મવ્યું છે કે શરાબ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ કેરળ જવા ઈચ્છુક લોકો તેમની યોજના બદલી રહ્યા છે. જો કે કેટલાક હોટેલોમાં હજુ શરાબ ઉપલબ્ધ છે. ગયા સપ્તાહમાં જ કેરળ સરકારે નવી શરાબ પ્રતિબંધ નિતી રજૂ કરી હતી. જેના ભાગરૂપે જણાવવામાં આવ્યું હતું કે માત્ર ફાઈવ સ્ટાર હોટેલોમાં જ શરાબ મળી શકશે. રાજ્ય સરકારની નવી નિતીના કારણે રાજ્યમાં રૂમોમાં શરાબનુ વેચાણ કરતા લોકોને ફટકો પડ્યો હતો. તેમની દુકાને બંધ કરી દેવાની ફરજ પડી હતી.